Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue : 7 • Date : 06-07-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

### ગુજરાતમાં સારી શરૂઆત બાદ વરસાદનો વિરામ

## રાજ્યમાં આગામી પાંચ દિવસમાં ચોમાસુ ફરીવાર જમાવટ કરશે

### આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને દક્ષીણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ અને સમગ્ર ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદની વરસી શકે છે



અમદાવાદ

ગુજરાતમાં ચોમાસાની સારી શરૂઆત થાય બાદ હાલ વરસાદે વિરામ લીધો છે. ત્યારે હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન ફરી ચોમાસુ જામવાની આગાહી કરી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને દક્ષીણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. સાથે સમગ્ર ગુજરાતમાં હળવાથી સામાન્ય વરસાદની વરસી શકે છે. નોંધનીય છે કે ગુજરાતમાં અત્યાર સુધી જેટલો વરસાદ થવો જોઈએ તેનાથી વધુ વરસાદ વરસી ચુક્યો છે.

સુરત શહેરમાં વરસાદનો બીજો રાઉન્ડ આજથી જ શરુ થઈ ગયો છે. આજે વહેલી સવારે શહેરમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. સુરત શહેરમાં સાર્વત્રિક વરસાદ જોવા મળ્યો હતો. ગઈકાલે બપોર બાદથી સુરતમાં ઉકળાટ ભર્યું વાતાવરણ હતું આજે વહેલી સવારે વીજળીના ચમકારા સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. જેને કારણે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગઈ છે.

હવામાન વિભાગે આપેલી માહિતી મુજબ આગામી પાંચ દિવસ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે અને તોફાની વરસાદ થવાની શક્યતાઓ છે. આ ઉપરાંત ગુજરાતભરમાં હળવાથી સામાન્ય વરસાદ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આજે પણ કેટલાક ભાગોમાં ભારે વરસાદ થવાની સંભાવનાઓ છે. કચ્છમાં પણ ભારેથી અતિ ભારે અને અતિથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ૭મી અને ૮મી જુલાઈના રોજ સૈથી વધુ વરસાદ વરસી શકે છે. ૭મીએ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના ભાગોમાં અતિભારે વરસાદ થઈ શકે છે. ૮મી જુલાઈના રોજ ઉત્તર ગુજરાત તથા ઉત્તર સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પાંચ દિવસ નાતે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. માંડવી, મુંદ્રા, ન્યૂ કંડલા, નવલખી, જામનગર, સલાયા, ઓખા, પોરબંદર, દ્વારકા, વેરાવળ, દીવ, પીપાવાવ, વિક્ટર, ભાવનગર, અલંગ, ભરૂચ, દહેજ, મગદલ્લા, દમણના માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં પણ ભારે વરસાદની શક્યતાઓ છે.

અમદાવાદમાં ૭મી અને ૮મી તારીખ દરમિયાન ભારે વરસાદ થવાની શક્યતાઓ છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ વરસ્યો હતો. બે દિવસથી અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારમાં વરસાદે વિરામ લીધો છે.

ધોધમાર વરસાદથી અનેક વિસ્તારો બેટમાં ફેરવાયા હોવાથી છતાં મંગળવારે વાતાવરણમાં બફારો અને ઉકળાટ વધતાં લોકો તોબાહ પોકારી ઊઠયાં હતા. અસહ્ય ઉકળાટના કારણે શહેરીજનો બપોર અને સાંજના સમયે પરસેવે રેબઝેબ થયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૫.૩ ડિગ્રી આસપાર અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી આસપાસ નોંધાયું હતું. વરસાદી માહોલના કારણે રાજ્યનાં મોટાભાગના શહેરોનું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી નીચે અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રીથી નીચે આવી ગયું હતું. અમદાવાદ શહેરમાં બે દિવસથી વરસાદે વિરામ લીધો છે પરંતુ વાતાવરણમાં હજુ ભેજનું પ્રમાણ યથાવત્ છે. તાપમાનનો પારો ગગડતાં કાળઝાળ ગરમી ઘટી ગઈ હતી. પરંતુ બફારો અને ઉકળાટ વધતાં લોકોના શરીર પરથી પરસેવાના રેલા ઉતરવા લાગ્યાં હતા.

ધોધમાર વરસાદ પડવા છતાં ઉકળાટના કારણે લોકો પંખાનો સતત ઉપયોગ કરી રહ્યાં છે. બીજી તરફ રાજ્ય હવામાન વિભાગે શુક્રવારે શહેરમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ પડવાની આગાહી કરાઈ હોવાથી જ્યાં સુધી વરસાદ પડશે નહીં ત્યાં સુધી ઉકળાટમાં સતત વધારો થશે. વરસાદના આગમન પહેલાનો બફારો લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.

### વકીલો વચ્ચેની દલીલ બાદ ઘટના બની

## દિલ્હીની તીસહજારી કોર્ટ સંકુલમાં ફાયરિંગ, કોઈને પણ ઈજા નહીં

નવી દિલ્હી : દેશની રાજધાની દિલ્હીની તીસ હજારી કોર્ટ સંકુલમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. ફાયરિંગમાં કોઈને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. પોલીસનું કહેવું છે કે વકીલો વચ્ચેની દલીલ બાદ આ ઘટના બની હતી. દિલ્હીની કોર્ટમાં ફરી એકવાર ફાયરિંગની ઘટના સામે આવી છે. તીસ હજારી કોર્ટમાં વકીલો વચ્ચે પરસ્પર ચર્ચા અને ઉગ્ર બોલાચાલી બાદ ફાયરિંગ થયું હતું. આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાના સમાચાર નથી. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં જોઈ શકાય છે કે એરિયલ ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. જો કે તણાવને જોતા ભારે પોલીસ બંદોબસ્ત સ્થળ પર તૈનાત કરવામાં આવ્યો છે. એપ્રિલ મહિનાની શરૂઆતમાં સાકેત કોર્ટમાં કડક સુરક્ષા હોવા છતાં એક વ્યક્તિએ એક મહિલા પર ગોળીઓ ચલાવી હતી, ત્યારબાદ હંગામો થયો હતો. વકીલોએ જણાવ્યું હતું કે મહિલા એક કેસના સંબંધમાં કોર્ટ પરિસરમાં પહોંચી હતી અને મહિલાને મુખ્ય દરવાજાના પ્રવેશદ્વાર પાસે ગોળી મારી દેવામાં આવી હતી. હુમલાખોરની ઓળખ કામેશ્વર પ્રસાદ સિંહ ઉર્ફે બિનોદ સિંહ તરીકે થઈ છે, જે એક વકીલ છે. આરોપીને એક અલગ કેસમાં કાઉન્સિલ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. દાવો કરવામાં આવી રહ્યો છે કે હુમલાખોર વકીલે પીડિત મહિલાને ૨૫ લાખ રૂપિયા આપ્યા હતા અને બાદમાં મહિલા પૈસા પરત કરવામાં આનાકાની કરી હતી. ગયા વર્ષે ૨૨મી એપ્રિલના રોજ રોહિણી કોર્ટમાં ફાયરિંગની ઘટના બની હતી.

## સેન્સેક્સ ૩૩ પોઈન્ટ તૂટ્યો, નિફ્ટીમાં ૯.૫૦ પોઈન્ટનો વધારો

મુંબઈ : સ્થાનિક શેરબજારો આજે સપાટ બંધ રહ્યા હતા. આ રીતે શેરબજારમાં છેલ્લા પાંચ સેશનથી ચાલી રહેલી તોફાની તેજીનો આજે અંત આવ્યો હતો. બીએસઈસેન્સેક્સ ૩૩.૦૧ પોઈન્ટ એટલે કે ૦.૦૫ ટકાના ઘટાડા સાથે ૬૫,૪૪૬.૦૪ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

એ જ રીતે, એનએસઈનિફ્ટી ૯.૫૦ પોઈન્ટ્સ અથવા ૦.૦૫%ના વધારા સાથે ૧૯,૩૯૮.૫૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ભેલનો શેર સાત ટકાના ઉછાળા સાથે બંધ થયો હતો. તે જ સમયે, સુઝલોન એનર્જીનો શેર ચાર ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો.બીએસઈસેન્સેક્સ પર એચડીએફસીબેંકનો શેર ૩.૨૦ ટકા ઘટીને બંધ રહ્યો હતો. એ જ રીતે, એચડીએફસીશેર ૨.૯૩ ટકા, બજાજ ફિનસર્વ ૦.૮૦ ટકા અને વિપ્રોના શેર ૦.૫૭ ટકા ઘટીને બંધ થયા હતા. આ સિવાય ટાટા મોટર્સ, એક્સિસ બેંક, એનટીપીસી, બજાજ ફાઈનાન્સ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર પણ લાલ નિશાન સાથે બંધ થયા હતા. આજે સેન્સેક્સમાં મારુતિના શેરમાં સૌથી વધુ ૩.૬૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એ જ રીતે ઈન્ડસઈન્ડ બેંક, ટેક મહિન્દ્રા, હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડ, આઈટીસી, આઈસીઆઈસીઆઈ બેંક, પાવરગ્રીડ, નેસ્લે ઈન્ડિયા, ટાઈટન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એશિયન પેઈન્ટ્સ, એચસીએલ ટેક, લાર્સન એન્ડ ટુબ્રો, ટાટા સ્ટીલ, ટીસીએસ, એસબીઆઈ અને કોટક મહિન્દ્રાના શેરોમાં તેજી જોવા મળી હતી.

## તંત્રી લેખ

# ભૂલસુધારની તક

કેટલાક વિપક્ષી દળોએ સમાન નાગરિક સંહિતા પર સકારાત્મક અને તાર્કિક વલણ અપનાવી લીધું છે. એને કારણે કૉંગ્રેસની દુવિધા વધી ગઈ છે અને તે સ્વાભાવિક પણ છે. તેણે આ દુવિધાનો ત્યાગ કરવાની જરૂર છે, નહીં કે પોતાના વલણ પર મક્કમ રહેવાની. એવું એટલા માટે, કારણ કે કેટલાય વિપક્ષી નેતાઓની સાથે કૉંગ્રેસના પણ કેટલાક નેતા સમાન નાગરિક સંહિતાને સમયની માંગ ગણાવી રહ્યા છે. કૉંગ્રેસે વોટબેંકની સસ્તી રાજનીતિને કારણે એવી કોઈ ભૂલ કરવાથી બચવું જોઈએ, જેવી તેણે શાહબાનો મામલે કરી હતી. તેની કિંમત માત્ર તેણે જ નહીં, પરંતુ આખા દેશે ચૂકવવી પડી. જો શાહબાનો મામલે રાજીવ ગાંધી સરકાર કટ્ટરપંથી તત્ત્વો આગળ ઝૂકવાને બદલે બંધારણસંમત ફેંસલો કરતી અને સુપ્રીમ કોર્ટના ચુકાદા સાથે ઊભી રહી હોત તો આજે સ્થિતિ જુદી હોત - ન માત્ર તેની, બલ્કે ભારતીય સમાજની પણ. દેશની સૌથી જૂની પાર્ટી કૉંગ્રેસે એ યાદ રાખવું જોઈએ કે રાજકીય પક્ષોનું એક મુખ્ય કામ જનતાને દિશા આપવાનું અને સમાજ સુધારનું કામ કરવાનું પણ હોય છે. એક સમય હતો, જ્યારે કૉંગ્રેસ એક રાજકીય પક્ષ રૂપે સમાજ સુધારનાં કામો પર પણ ધ્યાન આપતી હતી, પરંતુ ધીમે ધીમે તેણે સામાજિક સુધારાથી મોં ફેરવી લીધું અને માત્ર વોટબેંકની રાજનીતિ કરવા માંડી.

સમાન નાગરિક સંહિતા મામલે જો વિપક્ષી દળોની સાથે સાથે કૉંગ્રેસ પાસે કહેવા માટે કંઈ હોય તો માત્ર એ જ કે આખરે આ પહેલ આ જ સમયે કેમ કરવામાં આવી રહી છે? આ કંઈક એવો જ કુતર્ક છે, જેવો અયોધ્યા મામલે સુપ્રીમ કોર્ટ સમક્ષ કરવામાં આવ્યો હતો. ત્યારે કૉંગ્રેસ દ્વારા એવી બાલિશ દલીલ કરવામાં આવી હતી કે આ કેસની સુનાવણી સામાન્ય ચૂંટણી બાદ કરવી જોઈએ. સમાન નાગરિક સંહિતાની પહેલ આ જ સમયે કેમ, એ કોઈ સવાલ જ ન કહી શકાય. શું કૉંગ્રેસ કે પછી અન્ય વિપક્ષી દળો એ જણાવી શકે છે કે આ સંહિતાની પહેલ કરવા માટે કયો સમય યોગ્ય કહી શકાય? આ પ્રશ્ન એટલા માટે, કારણ કે જે કામ દાયકાઓ પહેલાં કરી દેવું જોઈતું હતું, તે હજુ પણ લટકી રહ્યું છે. સમાન નાગરિક સંહિતાનું નિર્માણ લટકી રહેવું એક રીતે બંધારણ નિર્માતાઓનાં સપનાંને જાણીજોઈને પૂરા ન કરવા સમાન છે. કૉંગ્રેસે એની અવગણના ન કરવી જોઈએ કે જવાહરલાલ નેહરુએ તમામ વિરોધ છતાં પણ હિંદુ કોડ બિલ મામલે કઈ રીતે દૃઢ વલણ અપનાવ્યું હતું. સમાન નાગરિક સંહિતા મામલે વિરોધ માટે વિરોધની રાજનીતિ કરવા કરતાં બહેતર એ રહેશે કે એના પર સકારાત્મક દૃષ્ટિકોણથી વિચાર કરવામાં આવે. માનવામાં આવે છે કે સંસદના આગામી સત્રમાં સરકાર સમાન નાગરિક સંહિતાનું વિધેયક લઈને આવી શકે છે. એવું થાય કે ન થાય, પરંતુ તમામ પક્ષો માટે એ યોગ્ય રહેશે કે સંસદના ચોમાસુ સત્રમાં તેના પર વ્યાપક ચર્ચા થાય. આખરે જ્યારે જનતા વચ્ચે એના પર ચર્ચા થઈ રહી છે તો પછી સંસદમાં કેમ ન થવી જોઈએ?

### લખનઉમાં ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

# પટનાથી દિલ્હી જઈ રહેલા મુસાફરની તબિયત બગડી

નવી દિલ્હી

પટનાથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટનું લખનઉમાં એક યાત્રીની તબિયત અચાનક બગડતાં ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. પ્લેન બપોરે ૨.૪૫ કલાકે અમૌસી એરપોર્ટ પર લેન્ડ થયું હતું. ત્યારબાદ પેસેન્જરને એપોલો મેડિક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્લેને સાંજે ૪.૧૬ કલાકે દિલ્હી માટે ઉડાન ભરી શકે છે. અમૌસી એરપોર્ટ પર એક મુસાફરની તબિયત બગડતાં પટનાથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ વિમાન લખનૌ એરપોર્ટ પર લગભગ દોઢ કલાક સુધી ઊભું રહ્યું હતું. મળતી માહિતી મુજબ ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૨૩૦૩ પટનાથી દિલ્હી જઈ રહી હતી. પેસેન્જરની હાલત જોઈને પાઈલટે એર ટ્રાફિક કંટ્રોલ લખનઉ પાસે ઈમરજન્સી લેન્ડિંગની પરવાનગી માંગી હતી. જેને પગલે બપોરે ૨:૪૫ વાગ્યે વિમાનના લેન્ડિંગ પર એરપોર્ટ પર તૈનાત ડોક્ટરોએ તપાસ કરી હતી. ત્યારબાદ પેસેન્જરને એપોલો મેડિક્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. વિમાને ૪:૧૬ વાગ્યે દિલ્હી માટે ઉડાન ભરી હતી. મુસાફરનું નામ મોહમ્મદ શબ્બીર રહેમાન હતું. તપાસમાં તેનું બ્લડ પ્રેશર ઓછું જણાયું હતું. શરીરમાં નબળાઈની સાથે પાણીની ઉણપ પણ જોવા મળી હતી. બીજી તરફ, વિલંબને કારણે દિલ્હી એરપોર્ટ પર રાહ જોઈ રહેલા ઘણા મુસાફરો અને તેમના સંબંધીઓ પણ પરેશાન જોવા મળ્યા હતા.

# અજિત પવારને પાર્ટીના રાષ્ટ્રીય નેતા જાહેર કરાયા

મુંબઈ

નેશનાલિસ્ટ કૉંગ્રેસ પાર્ટીના બંને જૂથો આજે શક્તિ પ્રદર્શન ચાલી રહ્યું છે. એનસીપીના વડા શરદ પવાર દ્વારા ધારાસભ્યોને બેઠકમાં હાજરી આપવા માટે વ્હીપ જાહેર કરી હતી. શરદ પવારે પોતે ધારાસભ્યોને ફોન કરી બોલાવ્યા હતા. તે જ સમયે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનો જૂથ એનસીપીના ૫૮ માંથી ૪૦ ધારાસભ્યોના સમર્થનનો દાવો કરી રહ્યો હતા. જેને લઈ શરદ પવાર જૂથ ચિંતિત દેખાઈ રહ્યું છે. હાલ આ બંને બેઠક વચ્ચે સમીકરણ ચાલી રહ્યું છે જોવાનું રહેશે કે કાકા-ભત્રીજા વચ્ચેની લડાઈમાં કોને બાજી મારી છે. અજિત પવારે પોતાના સમર્થકોને સંબોધતા કહ્યું કે, અમે આ પગલું કેમ ભર્યું? આ એક મોટો પ્રશ્ન છે. શરદ પવાર આપણા નેતા અને ગુરુ છે. તેમાં કોઈ સંદેહ નથી. પરંતુ આજે દેશમાં જે પ્રકારનું રાજકારણ ચાલી રહ્યું છે, તે જોવાની જરૂર છે. અમે એસસી, એસટી, ઓબીસી, લઘુમતીઓ માટે કામ કરવા માંગીએ છીએ. તેમના માટે કામ કરવાનું અમારું સપનું છે. તેઓ સીએમ કેવી રીતે બન્યા? ત્યારે પણ આવી જ સ્થિતિ સર્જાઈ હતી. વસંતદાદા પાટીલની સરકાર. પતન થયું અને શરદ પવારે પુલોદની રચના કરી અને ૧૯૭૮માં મુખ્યમંત્રી બન્યા.

બાંદ્રાના મુંબઈ એજ્યુકેશન ટ્રસ્ટ કેમ્પસમાં અજિત પવાર શિબિરની બેઠકમાં અજિત પવારને પાર્ટીના રાષ્ટ્રીય નેતા જાહેર કરવામાં આવ્યા છે. અજિત પવારની મીટિંગમાં અત્યાર સુધી ૩૫ ધારાસભ્યો પહોંચ્યા હતા. તે જ સમયે, મુંબઈના વાયબી ચવ્હાણ સેન્ટરમાં શરદ પવારની આગેવાની હેઠળની બેઠકમાં કુલ ૧૪ ધારાસભ્યો, ૩ એમએલસી અને ૪ સાંસદો હાજર હતા. એનસીપીપાસે કુલ ૫૩ ધારાસભ્યો છે. અજિત પવારને પક્ષપલટા વિરોધી કાયદાથી બચવા માટે બે તૃતીયાંશ એટલે કે ૩૬ ધારાસભ્યોના સમર્થનની જરૂર છે. આવી સ્થિતિમાં, બાકીના ૫ ધારાસભ્યો કયા જૂથની બેઠકમાં હાજરી આપે છે તે જોવું રસપ્રદ રહેશે. શરદ પવાર જૂથે દક્ષિણ મુંબઈમાં યશવંતરાવ ચવ્હાણ પ્રતિષ્ઠાન ખાતે પક્ષના ધારાસભ્યો સહિત રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરના પદાધિકારીઓની બેઠક બોલાવી છે, જ્યારે અજિત જૂથે બાંદ્રામાં એમઈટીસંકુલમાં બેઠક બોલાવી છે. જિતેન્દ્ર આવ્હાડે શરદ પવારના જૂથ વતી વ્હીપ જાહેર કર્યું હતું. તેમણે જણાવ્યું કે, શરદ પવારે બુધવારે બપોરે ૧ વાગે બેઠક બોલાવી છે. બેઠકમાં તમામ ધારાસભ્યો હાજર રહે તે જરૂરી છે. બીજી તરફ, અજિત પવાર જૂથ વતી સુનીલ તટકરે બેઠકની અધ્યક્ષતા કરશે, જેના માટે શિવાજીરાવ ગર્જેએ બેઠક બોલાવી છે.

# વૈજ્ઞાનિકોએ રેકોર્ડ કર્યો વિશ્વનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ

નવી દિલ્હી

આ પ્રથમ વખત છે જ્યારે વૈશ્વિક સરેરાશ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે. વૈજ્ઞાનિકો માને છે કે અલ નિનો કુદરતી હવામાન ઘટના અને માનવીઓમાંથી કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જનનું મિશ્રણ ગરમીનું કારણ બની રહ્યું છે. ગયા મહિને વિશ્વનો અત્યાર સુધીનો સૌથી ગરમ જૂન મહિનો હોવાનું પણ સમર્થન મળ્યું છે. વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં દરિયાની સપાટીના તાપમાનમાં વધારો થવાની ઘટનાને ’અલ નિનો’ કહેવામાં આવે છે. યુએસ નેશનલ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ પ્રિડિક્શનના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે ૩ જુલાઈના રોજ વિશ્વનું સરેરાશ તાપમાન **17.01** °સે પર પહોંચી ગયું હતું, જે ઓગસ્ટ ૨૦૧૬થી અત્યાર સુધીના **16.92 °C**ના અગાઉના રેકોર્ડને તોડી નાખે



છે. આ વર્ષની શરૂઆતથી જ સંશોધકો જમીન અને સમુદ્રમાં વધતા તાપમાનને લઈને ચિંતિત છે. સ્પેન અને એશિયાના ઘણા દેશોએ ગરમીના રેકોર્ડ બનાવ્યા છે અને ઉત્તર સમુદ્ર જેવા સ્થળોએ હીટવેવનો અનુભવ થયો છે કે જ્યાં સામાન્ય રીતે ગરમી પડતી નથી. ચીન હાલમાં તીવ્ર હીટવેવનો સામનો કરી રહ્યું છે અને કેટલાક સ્થળોએ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચી ગયું છે. બીજી તરફ દક્ષિણ અમેરિકામાં પણ ગૂંગળામણની સ્થિતિ યથાવત છે. ૧૯૭૯માં સેટેલાઈટ મોનિટરિંગ રેકોર્ડ્સ શરૂ થયા પછી સોમવારનું તાપમાન સૌથી ગરમ હતું. નિષ્ણાતો માને છે કે ૧૯મી સદીના અંતમાં ઈન્સ્ટ્રૂમેન્ટલ રેકોર્ડ્સ શરૂ થયા પછી આ સૌથી વધુ હતું. સંશોધકો માને છે કે નવું મહત્તમ તાપમાન કુદરતી ઘટના અલ નીનો અને કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનનું સંયોજન છે. સમાચાર અનુસાર આબોહવા સંશોધક લિયોન સિમોન્સે કહ્યું, ’અમારી પાસે વિશ્વસનીય રેકોર્ડ મળ્યા બાદ પહેલીવાર સરેરાશ વૈશ્વિક સપાટીનું હવાનું તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે.’ તેમણે કહ્યું કે હવે જ્યારે અલ નીનોનો ગરમ તબક્કો શરૂ થઈ રહ્યો છે, ત્યારે અમે આગામી ૧.૫ વર્ષમાં મોટા પાયે દૈનિક, માસિક અને વાર્ષિક રેકોર્ડ તૂટવાની આશા રાખીએ છીએ.

# ભારતમાં ૪૦.૮૭ લાખ સીમ માટે ખોટા દસ્તાવેજનો ઉપયોગ

નવી દિલ્હી : હાલમાં આખી દુનિયામાં એઆઈટેકનીક વિશે ચર્ચાઓ થઈ રહી છે. એઆઈટેકનીકની ચર્ચા ભારત જ નહી પરંતુ સમગ્ર દુનિયામાં થઈ રહી છે. ભારત સહિત દુનિયાભરમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે. ભારતમાં એઆઈએ મોટી એચીવમેન્ટ મેળવી છે. એક કેન્દ્રીય મંત્રાલય દ્વારા તાજેતરમાં થયેલા સર્વેમા રિપોર્ટ આવ્યો છે જેમાં મંત્રાલયના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સર્વેમાં ખુલાસો થયો છે કે અત્યાર સુધી ભારતમાં મૌજુદ ૮૭. ૮૫ કરોડ મોબાઈલ કનેકશનને એનાલાઈઝ કરવામાં આવ્યા છે. જેમાથી ૪૦.૮૭ લાખમાં ખોટા દસ્તાવેજનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભારતમાં કુલ ૧૩૧ કરોડ સબ્સક્રાઈબર છે જે ૨૨ લાઈસેંસ સર્કલમાં મૌજુદ છે. અત્યારે ફેસ-૧નું એનાલાઈજ કરવામાં આવ્યું છે.

જેમા ૮૭.૮૫ કરોડ કનેકશનનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. એક માહિતી પ્રમાણે રિપોર્ટમાં આપેલી માહિતી પ્રમાણે આમા એએસટીઆર એડવાન્સ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ૩૮ લાખ નંબર બંધ થઈ ગયા છે. એક આર્ટિફિશિયલ ઈન્ટેલીજેંસ એડ ફેશિયલ રિકોગ્રાઈજેશન સિસ્ટમ છે. જે ટેલિકોમ સિમ સબ્સક્રાઈબર માટે ઉપયોગ કરવામાં આવે છે. એઆઈસ્ટડીના પહેલા ફેસની સર્વિસમાં ખ્યાલ આવી શકે છે કે આ સિમ વેચવા માટે ૪૪,૫૮૨ સેલ્સ પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા હતા.

સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આપી માહિતી

# બિપોરજોયના નુકસાન સામે ૧૧.૬૦ કરોડની સહાય ચૂકવાઈ

## આંશિક કાચા મકાન સહાયના ૨૧૦૧ કેસોમાં રૂ.૧.૬૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે

અમદાવાદ

કુદરતી આફતોમાં રાજય સરકાર ઝીરો કેઝ્યુલીટીના ધ્યેયમંત્ર સાથે અસરકારક કામગીરી કરતી આવી છે ત્યારે આવી ઘટનાઓ દરમિયાન રાજ્યના નાગરિકને સહેજ પણ આર્થિક કે શારિરીક નુકશાન થાય તેવા તમામ કિસ્સામાં તેની પડખે રાજય સરકાર ઉભી રહી છે. તાજેતરમાં ગુજરાતમાંથી પસાર થયેલા બિપોરજોય વાવાઝોડાથી ગુજરાતના જે ૧૦ અસરગ્રસ્ત જિલ્લાઓમાં નુકસાન થયું હતું તેવા કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, મોરબી, રાજકોટ, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા અંદાજીત કુલ રૂ.૧૧.૬૦ કરોડની ત્વરીત નુકસાન વળતર સહાય ચુકવી દેવામાં આવી હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે.



પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રાજ્ય સરકાર દ્વારા ચૂકવાયેલ ત્વરિત સહાયની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું કે, કેશડોલ્સના ૧,૧૨,૬૫૩ કેસોમાં રૂ.૩.૫૨ કરોડની સહાય, ઘરવખરીના ૩૯૫ કેસોમાં રૂ.૨૦.૨૭ લાખની સહાય, પશુ સહાયના ૨૮૫૮ કેસોમાં રૂ.૪.૪૧ કરોડની સહાય, આંશિક પાકા મકાન સહાયના ૯૧૪ કેસોમાં રૂ.૧.૧૪ કરોડની સહાય, આંશિક કાચા મકાન સહાયના ૨૧૦૧ કેસોમાં રૂ.૧.૬૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

તદ્ઉપરાંત ઝુંપડા સહાયના ૨૫૭ કેસોમાં રૂ.૨૧.૮૨ લાખની સહાય, મહત્તમ સંપૂર્ણ પાકા મકાનના ૬ કેસોમાં રૂ.૬.૧૦ લાખની સહાય, મહત્તમ સંપૂર્ણ કાચા મકાનના ૨૪ કેસોમાં રૂ.૧૩.૪૦ લાખની સહાય, ઢોરના શેડની સહાયના ૪૩૨ કેસોમાં રૂ.૨૦.૭૭ લાખની સહાય તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આ વાવાઝોડા દરમિયાન ૧૫ વ્યક્તિઓને થયેલી ઇજામાં સારવાર પેટે રૂ. ૭૨ હજાર મળીને કુલ રૂ. ૧૧ કરોડ ૬૦ લાખથી વધુ રકમની સહાય ચુકવવામાં આવી હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યુ હતું.

સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં વરસાદની શરૂઆત

# ગીર-સોમનાથમાં ઉના શહેર અને આસપાસના વિસ્તારોમાં વરસાદ

## બે દિવસના વિરામ બાદ વરસાદ પડ્યો છે, ભારે બફારા બાદ વરસાદનું આગમન થતાં લોકોને ગરમીથી રાહત મળી છે

ગીર-સોમનાથ

ગુજરાતમાં ચોમાસાના બીજા રાઉન્ડમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં વરસાદની શરૂઆત થઈ છે.



જેમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.જેમાં બે દિવસના વિરામ બાદ વરસાદ પડ્યો છે. ભારે બફારા બાદ વરસાદનું આગમન થતાં લોકોને ગરમીથી રાહત મળી છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી ૫ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદ રહે તેવી સંભાવના છે. તો આવતી કાલેથી રાજયમાં ભારે થી અતિ ભારે વરસાદની શરુઆત થાય તેવી સંભાવના છે. ૭ જુલાઈ એ સમગ્ર રાજ્યમાં અત્યંત ભારે વરસાદ રહે તેવી સંભાવના છે.

# ધાતરવડી-૨ ડેમ ઓવરફ્લો, નીચાણવાળા ૧૦ ગામને એલર્ટ કરાયા

## હાલ ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે અને લોકોને નદીકાંઠે ન જવા તાકીદ કરવામા આવી છે

અમરેલી

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા જળાશયોમાં પાણીની સારી આવક થઈ છે. રાજૂલા તાલુકામાં આવેલો ધાતરવડી-૨ ડેમ હાલ ઓવરફ્લો થયો છે. આથી ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૬ જેટલા જળાશયો ઓવરફ્લો થયા છે. ધાતરવડી-૨ ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા ૧૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. લોકોને નદીકાંઠે અવરજવર ન કરવા સૂચના આપવામાં આવી છે. રાજુલા તાલુકાના ખાખબાઈ, હિંડોરણા, કોવાયા, લોઠપુર સહિતના ગામોને એલર્ટ કરાયા છે.

અમરેલીના સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદને પગલે ફુલસર નદીમાં પૂર આવ્યુ છે. મેરીયાણામાં ધોધમાર વરસાદ બાદ હાલ ગામની ફુલસર નદી બે કાંઠે વહી રહી છે. સાવરકુંડલામાં બપોરના સમયે ભારે ઉકળાટ બાદ બાઢડા, મેરીયાણા, વીજપડી, ચીખલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ગામના રસ્તા ધોવાયા છે અને માર્ગો પર પાણી ફરી વળતા બેટમાં ફેરવાયા હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

વરસાદ થતાં વર્ષોજૂની ગઢની રાંગની ભેખડ ધસી પડતાં દુર્ઘટના સર્જાઈ

# ગોદરા વિસ્તારમાં ૬ મકાનો ધરાશાયી, બે બાળકો સહિત ૩ લોકોના મોત

## આ દુર્ઘટનામાં બે બાળકી અને એક વૃદ્ધનનું મોત નિપજ્યાની પુષ્ટી થઈ છે ત્યાં જ કાટમાળ નીચે ફસાયેલા લોકોનું રેસ્ક્યુ હાથ ધરાયું છે

જેતપુર

જેતપુરના ગોદરા વિસ્તારમાં ૬ મકાનો ધરાશાયી થવાની ઘટના બની છે. અહીં ઉપરવાસમાં ભારે વરસાદ થતાં ગઢની રાંગની ભેખડ ધસી પડતાં આ દુર્ઘટના સર્જાઇ હતી.

જેમાં ૬ વ્યક્તિઓ દટાયા હોવાની વિગતો સામે આવી છે. આ દુર્ઘટનામાં બે બાળકી અને એક વૃદ્ધનનું મોત નિપજ્યાની પુષ્ટી થઈ છે. ત્યાં જ કાટમાળ નીચે ફસાયેલા લોકોનું રેસ્ક્યુ હાથ ધરાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જેતપુરના ગોદરા વિસ્તારમાં ઉપરવાસમાં ભારે વરસાદ થતાં વર્ષોજૂની ગઢની રાંગની ભેખડ ધસી પડતાં આ દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં બે બાળકી અને એક વૃદ્ધ મહિલાનું મોત નિપજયું છે. ત્યાં જ શોધખોળ માટે સ્થાનિકો અને પોલીસ જહેમત કરી રહી છે.

બીજી તરફ આ ઘટનાની જાણકારી મળતા જ ધારાસભ્ય જયેશ રાદડિયા ઘટના સ્થળે પહોંચ્યા છે.જેતપુરના ગોદરા વિસ્તારમાં આવેલ ૬ જેટલા જર્જરિત મકાનો ધરાશાયી થયા છે. અંદાજે ૧૦૦ વર્ષ જુના ૬ મકાનો ધરાશાઈ થતા મકાનમાં હાજર ૬ વ્યક્તિઓ દટાયા હોવાની વિગતો સામે આવી રહી છે. ત્યા જ ૨ નાના બાળકો સહિત ૩નું રેસ્ક્યુ હાથધરાયુ છે.

ત્રણેય ઈજાગ્રસ્તોને હાલમાં સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જોકે સરકારી હોસ્પિટલ માં સારવાર દરમ્યાન એક નાની બાળકીનું મોત નિપજયું છે. અન્ય ૨ ફસાયેલા વ્યક્તિઓનું રેસ્ક્યુ ઓપરેશન હાલમાં ચાલી રહ્યું છે. કાટમાળ નીચે ફસાયેલાઓની શોધખોળ માટે સ્થાનિકો અને પોલીસ રેસ્ક્યુ ઓપરેશન પાર પાડી રહી છે. આ ઘટનામાં આઠ વ્યક્તિને જેતપુર સરકારી હોસ્પિટલ સારવાર અર્થ ખસેડવામાં આવ્યા છે. જેમાં વૃદ્ધા જયાબેન રાજુભાઈ મકવાણા (ઉ.વ. ૫૦) અને બે બાળકી મેઘના અશોકભાઈ મકવાણા (ઉ.વ. ૧૦) અને સિદ્ધિ વિક્રમભાઈ શાસડા (ઉ.વ. ૭) વર્ષીયના મોત અને પાંચ ઈજાગ્રસ્ત સારવાર હેઠળ છે.આ ઘટનાની જાણકારી મળતા જ ધારાસભ્ય જયેશ રાદડિયા હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોની મુલાકાત કરી અને મૃતકો પ્રત્યે સંવેદના બતાવી અને ઈજાગ્રસ્તોને સારવાર મળી રહે અને વધુ જણાય તો રાજકોટ પણ સારવાર માટે મોકલવાની બાંહેધરી આપી હતી.

# ગાંધીનગરની APS સ્કૂલમાં RTEના વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ

ગાંધીનગર

ગાંધીનગરની APS સ્કૂલમાં RTE નાં વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ થતો હોવાની રાવ ઉઠી છે. તેમજ રેગ્યુલરથી RTE ના વિદ્યાર્થીઓને અલગ બેસાડાય છે.શાળાનાં રેગ્યુલર વિદ્યાર્થીઓને સ્કૂલમાં સવારે બોલાવવામાં આવે છે. RTE ના માત્ર ગણતરીનાં બાળકોનો બપોરે અલગ ક્લાસ ચલાવાય છે. તેમજ RTE નાં બાળકોને બપોરે અલગ બોલાવાતા હોવાનો પુરાવો છે.ત્યારે આ બાબતે APS સ્કૂલનાં સંચાલકો સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરતા તેઓએ આ બાબતે કંઈ કહેવાનું ટાળ્યું હતું. તેમજ સ્કૂલનાં ગેટને જેલની જેમ તાળા બંધી કરી દેવાનાં આવી હતી. ત્યારે આ બાબતે વાલીઓ સાથે પણ વાતચીત કરવાનો પ્રયત્ન કરતા વાલીઓને પણ જાણે સ્કૂલ સંચાલકો દ્વારા કંઈ પણ કહેવાની મનાઈ ફરમાવી હોય તેમ વાલીઓએ પણ કંઈ કહેવાનું ટાળ્યું હતું. આ બાબતે લોકોમાં એવી પણ ચર્ચા ચાલી રહી હતી કે છેલ્લા ઘણા સમયથી છેલ્લા ઘણા સમયથી APS સ્કૂલ દ્વારા આ રીતે RTE થી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને અલગ પાળી ચલાવવામાં આવી રહી છે. ત્યારે આ વાતથી જીલ્લા શિક્ષણાધિકારી અજાણ છે? હોય તેમ આજદીન સુધી શાળા સામે કોઈ જ કાર્યવાહિ કરવામાં આવી નથી.

### પ્રધાનમંત્રીનો ડ્રીમ પ્રોજેક્ટ ટેક ઓફ તરફ

# હીરાસર એરપોર્ટ પર ઓગસ્ટમાં ફ્લાઈટ ઉડાન ભરે તેવી તૈયારીઓ



રાજકોટ

રાજકોટના કુવાડવા ગામ પાસે ૧૪૦૦ કરોડના ખર્ચે હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ આકાર લઈ રહ્યું છે. જે નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ કહેવાય છે અનેક વખત પીએમ મોદીની સુચનાઓ પણ આવી છે કે, હવે આ કામ ઝડપથી પૂરું કરો. પરંતુ જાણે હવે આતુરતાનો અંત. આ ગ્રીનફિલ્ડ એરપોર્ટનું પ્રથમ તબક્કાનું ૫૭૨ કરોડનું કામ પૂર્ણતાના આરે છે હવે મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ ટેક ઓફ તરફ છે.

લાયસન્સ માટે ડીજીસીએની ટીમ રાજકોટમાં થોડા દિવસમાં જ આવશે અને તેની પ્રક્રિયા પૂર્ણ કરશે અને ઓગસ્ટ મહિનામાં ફ્લાઈટ ઉડાન ભરે તેવી પૂરી શક્યતાઓ છે. આ નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પર ૨૮૦થી વધુ મુસાફરોની વહનક્ષમતા અને પ્રતિ કલાક ૫,૩૭૫ કિલોમીટરની સ્પીડથી ઊડી શકે એવાં ‘સી’ પ્રકારનાં પ્લેન ઓપરેટ થશે. આને પગલે એરબસ (**A** ૩૨૦-૨૦૦), બોઈંગ (**B** ૭૩૭-૯૦૦) જેવાં વિમાનોની સુવિધા રાજકોટ સહિત સૌરાષ્ટ્રને મળવા લાગશે.

આ એરપોર્ટ પર સમાંતર બે ટેક્સી-વે રહેશે તથા એપ્રન, રેપિડ એક્ઝિટ ટેક્સી ટ્રેક, ટર્મિનલ બિલ્ડિંગ, કાર્ગો, **MRO**/હેન્ગર્સની સુવિધા પણ ઉપલબ્ધ થશે. ૨૫૦૦ એકરમાં બનવા જઈ રહેલા આ એરપોર્ટમાં ૧૫૦૦ એકર જમીન એરપોર્ટ ડેવલપમેન્ટ માટે, ૨૫૦ એકરનો ગ્રીન ઝોન, ૫૨૪ એકર સિટી સાઈડ પેસેન્જર સુવિધા માટે અને એવિએશન પાર્ક માટે ૨૫૦ એકર જમીનનો ઉપયોગ કરાશે. ગલ્ફ કન્ટ્રીના ડાયરેક્ટ કનેક્ટિવિટી મળશે. ગલ્ફ કન્ટ્રીમાં કાર્ગો પેસેન્જરનું હબ બનશે. ૩૪૦ મીટર લાંબુ અને ૨૫ મીટર પહોળો રનવે, રાજકોટથી ગલ્ફ ડાયરેક્ટ મળશે. હાલ ૨૪ કલાક નિર્માણની કામગીરી ચાલી રહી છે, ૨૫૦૦ એકરમાં ૧૪૦૦ કરોડના ખર્ચે એરપોર્ટ ૬૦૦થી વધુ મેન પાવરનો ઉપયોગ થઈ રહ્યો છે એક કલાકમાં ૧૪ ફ્લાઈટ ઉડાન ભરશે અને પ્લેન લેન્ડ થવાની બે મિનિટ ખાલી થશે. રાજકોટ નજીક તૈયાર થયેલ ઈન્ટરનેશનલ એરપોર્ટને આઈએટીએ (ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસો.) દ્વારા એચએસઆર કોડ આપવામાં આવ્યો છે. (સીટીઃ હિરાસર, દેશ-ઈન્ડિયા, લોકેશન નામઃ હિરાસર એરપોર્ટ) હવેથી ઈન્ટરનેશનલ કક્ષાએ હિરાસર એરપોર્ટનો વિધિવત સમાવેશ સાથે ઓળખ આપવામાં આવી છે.

હાલના એરપોર્ટમાં કાર્યરત તમામ વિભાગોના સ્થળાંતર માટે પણ ગતિવિધિ તેજ બની છે. ચાલુ મહિન દરમિયાન એરપોર્ટના (૧) ફાયર, (૨) એમ.ટી. (૩) સી.એન.એસ. (૪) એટીએસ (૫) સીવીલ એન્જી. (૬) ઈલે. એન્જી. વિભાગોનું સ્થળાંતર થનાર છે. જ્યારે અન્ય બાકીના એચ.આર. અને ફાયનાન્સ વિભાગો માટે નવા હિરાસર એરપોર્ટમાં ઓફિસનું કામ પૂર્ણ થયેથી સ્થળાંતર થશે. ડીસીસીએ અને એરપોર્ટ ઓથોરીટીએ એર ઈન્ડીયા અને ઈન્ડીગો એરલાઈન્સ કંપનીને પણ સ્થળાંતર કરી નવા હિરાસર એરપોર્ટમાં ૧લી ઓગષ્ટથી ઓફિસ કાર્યરત કરવા આદેશ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

### દુષ્કર્મ આચારનાર અસીમ સામે ખેરગામમાં રોષ ફાટી નીકળ્યો

# ખેરગામમાં ચકચારી લવ જેહાદ કેસનો મુખ્ય આરોપી અસીમ શેખ ઝડપાયો

### હિંદૂ સગીરાને ફસાવનાર આરોપીનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું

નવસારી

નવસારી ખેરગામમાં ચકચારી લવ જેહાદ કેસનો મુખ્ય આરોપી અસીમ શેખ ઝડપાયો છે. પરંતુ નવસારીના ખેરગામમાં લવ જેહાદના આરોપીને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું છે. હિંદૂ સગીરાને ફસાવનાર આરોપીનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું. લવ જેહાદના આરોપમાં વિધર્મી અસીમ શેખની પોલીસે ધરપકડ કરી હતી.

ખેરગામમાં આતંક મચાવી રાખનાર અને હિન્દુ સગીરાને પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ આચારનાર અસીમ સામે ખેરગામમાં રોષ ફાટી નીકળ્યો હતો. ત્યારબાદ જિલ્લા પોલીસ દ્વારા કડક પોલીસ બંદોબસ્ત સાથે ખેરગામ બજારમાં આરોપી અસીમનો સરઘસ કાઢ્યું હતું. આરોપી અસીમ પકડાતા હિન્દુ સંગઠનોએ જય જય શ્રી રામના નારા લગાવ્યા હતા. ખેરગામના લોકોએ આરોપી અસીમ શેખની ધરપકડ થતા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.આ ઘટનાની મળતી માહિતી અનુસાર, નવસારી જિલ્લાના ખેરગામના કુંભારવાડામાં રહેતો અસીમ નિઝામમિયા શેખ નામના યુવકે હિન્દુ સગીરાને પટાવી ફોસલાવીને અનેક વાર દુષ્કર્મ કર્યું હતું. આમ છતાં યુવતીને સમજ ના આવી. ત્યારબાદ યુવતીની આંખ તો ત્યારે ઉઘડી જયારે વિધર્મી યુવતી સાથે લગ્ન ના કર્યા.લવ જેહાદના કેસમાં અમુક વિધર્મી યુવક હવે નવી તરકીબ અપનાવીને કૃત્ય કરવાનો પર્દાફાશ પોલીસે કર્યો છે. જે સમગ્ર સમાજ માટે લાલબત્તી સમાન કેસ નોંધ્યો છે. આવા અસામાજીક તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે.

### રાજ્યના વિદ્યાસહાયકો માટે સારા સમાચાર

# ૫ વર્ષ નોકરી પૂર્ણ કરી હોય તે શિક્ષકો બદલી માટે અરજી કરી શકશે

### અગાઉ ૧૦ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરી હોય તેવા શિક્ષકોને જ લાભ મળતો હતો

અમદાવાદ

રાજ્યના વિદ્યાસહાયકો માટે મહત્વના સમાચાર સામે આવ્યો છે. અત્રે જણાવી દઈએ કે, વિદ્યાસહાયકો પણ હવે આંતરિક બદલી કેમ્પનો લાભ લઈ શકશે.

જેમને ૫ વર્ષ નોકરી પૂર્ણ કરી હોય તે શિક્ષકો બદલી માટે અરજી કરી શકશે. ખાસ વાત એ છે કે, અગાઉ ૧૦ વર્ષ એક જ તાલુકામાં નોકરી કરી હોય તેવા શિક્ષકોને જ લાભ મળતો હતો. ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ શિક્ષણ વિભાગે સુધારા સાથે પરિપત્રમાં બહાર પાડ્યો છે.

લાંબા વિવાદ બાદ થોડા સમય અગાઉ જ બદલી મુદ્દે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા જે બાદ પ્રથમવાર નવા નિયમો આધિન જિલ્લા આંતરિક બદલી કેમ્પના પ્રથમ તબક્કાનો કાર્યક્રમ તારીખ ૦૨ જૂનથી ૧ જુલાઈ ૨૦૨૩ સુધી યોજાયો હતો. શિક્ષકોની બદલીને લઈ જુદા જદા ત્રણ તબક્કામાં બદલી કેમ્પ યોજાવાના છે જેમાં પ્રથમ તબક્કાનો બદલી કાર્યક્રમ યોજાઈ ગયો છે.

### હિન્દુ યુવકનું બ્રેઈનવોશ કર્યાનો આરોપ

# જેતપુરમાં હિન્દુ યુવક સોશિયલ મીડિયામાં બાંગ્લાદેશી યુવતીની જાળમાં ફસાયો

જેતપુર

જેતપુરમાં હિન્દુ યુવક સોશિયલ મીડિયામાં બાંગ્લાદેશી યુવતીની જાળમાં ફસાયો હોવાનું સામે આવ્યું છે. જેતપુરના નવાગઢનો આશિષ ગોસ્વામી નામનો યુવક ઈન્સ્ટાગ્રામ પર બાંગ્લાદેશી યુવતીના સંપર્કમાં આવ્યો હતો. ત્યાર બાદ હિન્દુ યુવકનું બ્રેઈનવોશ કરી મુસ્લિમ ધર્મ અંગિકાર કરવા પ્રેરિત કરાયો હોવાનો આરોપ લાગ્યો છે. યુવકનું યુટ્યૂબ તેમજ વેબસાઈટના માધ્યમથી બ્રેઈનવોશ કરાયું હોવાનો આરોપ લાગ્યો છે. યુવકે છેલ્લા ૬ મહિનાથી ધર્મ પરિવર્તન કર્યું છે અને તેણે પોતાનું નામ આશિષ ગોસ્વામીથી શેખ મોહમ્મદ અલસમી રાખ્યું છે.

આજે પરિવારજનોએ મનાઈ કરવા છતાં યુવક સુન્નત કરાવવા હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. જેની જાણ થતાંની સાથે જ વિવિધ હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. યુવતી લગ્ન માટે ધર્મપરિવર્તન કરવા દબાણ કરતી હતી તેવો પણ આરોપ લાગ્યો છે.

યુવકના પિતા હરેશભાઈ ગોસ્વામીએ આરોપ લગાવ્યો છે કે, યુવક આખો દિવસ મસ્જિદમાં જ રહે છે, જ્યાં તે રોજ પાંચ સમયની નમાજ અદા કરે છે. બાંગ્લાદેશી મુસ્લિમ યુવતીના કારણે તેણે મુસ્લિમ ધર્મ અપનાવી લીધો છે. તેણે પોતાનું નામ બદલીને શેખ મોહમ્મદ અલસમી કરી નાખ્યું છે.

### મધ્ય ગુજરાતમાં પણ વરસાદની શરૂઆત

# વડોદરામાં બપોર બાદ અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ

વડોદરા : ગુજરાતમાં હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદનું જોર વધશે. જે અંતર્ગત આજે મધ્ય ગુજરાતમાં પણ વરસાદની શરૂઆત થઈ છે. જેમાં વડોદરામાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. તેમજ બપોર બાદ અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જેમાંરાવપુરા, સયાજીગંજ, અલકાપુરી, માંજલપુરમાં વરસાદ પડ્યો હતો.તેમજ નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા છે. તેમજ નવાપુરા અને પ્રતાપનગર રોડ પર પણ પાણી ભરાયા છે. જ્યારે પાણી ભરાવવાના લીધે અલકાપુરીથી સ્ટેશન જવા માટેનો રસ્તો બંધ થયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં આગામી ૫ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya